જન્મદિને વધામણી

ડો. ઈશાની અતુલકુમાર શાહ
મો. ૨૩૨૧૦૪૯૫

રોશની સોલંકી
મો. ૭૮૦૨૦ ૨૮૯૨૪

આરવ સાગરકુમાર દવે
મો. ૭૬૦૦૦ ૫૭૦૩૦

વિવાન જિગર પટેલ
મો. ૯૯૭૯૭ ૮૯૮૯૮

રામી ઓમ સુનિલભાઈ
મો. ૯૪૦૯૬ ૨૩૦૪૨

આદિવાડામાં સૌરાષ્ટ્ર-કચ્છ સેવા ટ્રસ્ટના ઉપક્રમે આઈ ચેક-અપ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના સે. ૨૮માં આદિવાડા ગામની સરકારી પ્રાથમિક શાળામાં સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા સે. ૭ના તેજ આઈ સેન્ટરના સહયોગથી ''આઈ ચેકઅપ કેમ્પ''નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં આસરે ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓની આંખોની તપાસણી કરવામાં આવી હતી. જેમાં ૪૦ થી ૪૫ ટકા બાળકોને દૂરની દૃષ્ટિ નબળી હોવા સાથે ચશ્માના નંબર આવવાની સમસ્યા જણાઈ હતી.

આદિવાડાના ગ્રામીણ વિસ્તારના બાળકોમાં આંખોની તપાસણી દરમ્યાન પ્રાપ્ત થયેલ વિગતો આંખો ઉઘાડનારી છે. અહીં આશરે ૪૦થી ૪૫ ટકા બાળકોને રીફ્રેક્ટીવ એરર્સ એટલે કે દૂરની દૃષ્ટિ નબળી હોવાથી દૂરના નંબરના ચશ્માની તકલીફ હોવાનું જણાયુ હતુ. આ ઉપરાંત બાળોકને આંખોમાં ખંજવાળ આવવી, કીકી પીળી પડી જવી જેવી તથા સ્નાયુની નબળાઈના કારણે આંખો ત્રાંસી થઈ જવી જેવી સમસ્યાઓ પણ જોવા મળી હતી. આ કેમ્પમાં બાળકોની તપાસ કરી રહેલા ડૉ. રાહુલ મિશ્રાએ જણાવ્યું હતું કે બાળકોમાં વિટામીનની ઉણપના કારણે આ બધી સમસ્યાઓ થઈ રહી છે. ખાસ કરીને આંખો ત્રાંસી હોવા પાછળ વિટામીન-એ ની ઉણપ જવાબદાર હોય છે. આંખોમાં ખંજવાળ વગેરે માટે ધૂળની રજકરણો, પ્રદૂષણ, ફંગસ ઈન્ફેક્શન તથા મૌસમી તકલીફો જવાબદાર બને છે. તેમણે જણાવ્યું હતું કે બાળકોની આંખોનું નિયમિત ચેકઅપ કરવુ જોઈએ તેમજ તેમને પુરતા પ્રમાણમાં વિટામીન્સ મળી રહે તે જોવુ જોઈએ. આ કાર્યક્રમમાં વોર્ડ નં. ૧ના કોર્પોરેટર તથા મહિલા અગ્રણી હર્ષાબા ધાંધલ ઉપસ્થિત રહ્યા હતા. બાળકોની આંખોના ચેકઅપ માટે ડૉ. તેજલ દલાલના તેજ આઈકેર સેન્ટરના સ્ટાફે સેવાઓ આપી હતી.

સ્વ. વિઠ્ઠલભાઈ પટેલના જન્મદિને બીબીએ કોલેજના વિદ્યાર્થીઓએ વિધાનસભા સંકુલની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બી.બી.એ) દ્વારા ગુજરાતનાં પનોતા પુત્ર તેમજ ભારતનાં જાણીતા ધારાશાસ્ત્રી તેમજ રાજકીય આગેવાન વિઠ્ઠલભાઈ પટેલ નાં જન્મદિવસની ઉજવણી નિમિત્તે વિદ્યાર્થીઓની વિધાનસભા સંકુલની મુલાકાત કાર્યક્રમમાં ગુજરાતનાં મુખ્યમંત્રી માનનીય વિજયભાઈ રૂપાણી ની પ્રેરક ઉપસ્થિતિથી વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. વિદ્યાર્થીઓએ આ પ્રસંગે વિઠ્ઠલભાઈ બાબતે અનેક જાણકારી મેળવી હતી.

વિઠ્ઠલભાઈ પટેલનો જન્મ નડિયાદ ખાતે થયો હતો. તેઓશ્રી ઇંગ્લેન્ડમાં બેરિસ્ટર બન્યા બાદ ભારત આવ્યા અને ભારતમાં ગોધરા તેમજ બોરસદની કોર્ટમાં વકીલાતનું કાર્ય યુવાન વયે શરુ કરેલ ત્યારબાદ તેઓએ સ્વરાજ પક્ષની રચના કરેલ અને ગાંધીજીનાં વિચારોથી પ્રભાવિત થઈ આઝાદીની લડાઈમાં જોડાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે તેઓ ભારતનાં લોખંડી પુરુષ પ્રથમ નાયબ પ્રધાનમંત્રી સરદાર સાહેબનાં મોટાભાઈ હતા. ૧૯૨૩માં તેઓ કેન્દ્રીય વિધાનસભા માટે ચૂંટાયા તેમજ ૧૯૨૫માં કેન્દ્રીય વિધાનસભાનાં અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા. તેમનું વૈધાનિક તેમજ સંસદીય બાબતો નો અનુભવ તેમજ જ્ઞાન અનેરું હતું. તેમને અસહકારનાં આંદોલન સહીત અનેક રાષ્ટ્રીય આંદોલનોમાં ભાગ લીધોહતો. ૨૨ ઓક્ટોબર ૧૯૩૩નાં દિવસે તેઓનું દુખદ અવસાન થયું હતું. રાજયના યુવાધનને માહિતી મળે તેમજ તેમના જીવન-ક્વન પરથી પ્રેરણા મેળવી શકે તે માટે ગુજરાત સરકાર દ્વારા ખુબ સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બી.બી.એનાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે અભ્યાસક્રમની સાથે સાથે આપણા રાષ્ટ્રીય આગેવાનોને વિદ્યાર્થીઓ ઓળખે તેમજ તેમનામાંથી પ્રેરણા મેળવે તેવા ઉમદા હેતુથી સંસ્થા આવારનવાર આવા કાર્યક્રમોનું આયોજન કરતી રહે છે. તેમજ ભારતનાં વિવિધ આગેવાનો બાબતે વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કરે છે. સમગ્ર કાર્યક્રમ માં બી..બી..એ. કોલેજ નાં કુલ ૭૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. વિધાનસભાનાં ઉપસચિવ શ્રી પ્રદીપભાઈ મોદીએ વિદ્યાર્થીઓને વૈધાનિક બાબતો તેમજ વિધાનસભા ની કાર્યવાહી બાબતે ખુબ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે બી.બી.એ નાં વિદ્યાર્થીઓને પોલીટીકલ સાયન્સ વિષય તરીકે ભણાવવામાં આવે છે. જેથી તેઓને સંસદીય બાબતો તેમજ ભારતનાં બંધારણ બાબતોની સંપૂર્ણ માહિતી મળી શકે. જે તમામ બાબતો સરકારી પરીક્ષામાં તેમજ વિવિધ વૈધાનિક વિભાગોમાં કાર્ય કરતી વખતે તેમને ઉપયોગી સાબિત થશે. સમગ્ર મુલાકાત નું સફળતાપૂર્વક આયોજન કોલેજનાં આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીનાં હેડ ડો. જયેશ તન્ના તેમજ પ્રો. શીતલ પટેલ દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

ડાયરેક્ટ સે
શક્તિની આરાધના સૌ કરે છે,
શક્તિની સાચવણી ..... ?

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૨
ઍમ ઍસ ધોની
૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩
ઍમ ઍસ ધોની
૧૨.૧૫
સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ (અંગ્રેજી)
૩.૪૫, ૭.૪૫
સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ (હિન્દી)
૫.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૪
ડેઝ ઑફ તફરી
૧૨.૪૫
પિન્ક
૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

સ્ક્રીન-૫
ઍમ ઍસ ધોની
૧૦.૦૦, ૧.૩૦, ૫.૦૦, ૮.૩૦

લિયો ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા સેક્ટર-૬ અને સેક્ટર-૭ વિસ્તારમાં રહેતાં ઝૂંપડવાસનાં બાળકોને બુંદીના લાડુ તથા ગાંઠિયાના પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન લિયો પ્રમુખ કથન ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લિયો સેક્રેટરી મોહિત જયસિંઘાણી અને લિયો સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આજે ગાંધીનગરમાં પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા. ૧

લોકોમાં વાચનની ટેવ વિકસે અને પુસ્તકોનું આદાનપ્રદાન થાય તે હેતુથી માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી યોજાતી પુસ્તક પરબ પ્રતિમાસના પ્રથમ રવિવારે યોજાય છે. આ ક્રમમાં રવિવાર, તા. ૨ ઑક્ટોબરના રોજ પુસ્તક પરબ ગાંધીનગર ખાતે ઘ-૪ સર્કલ ખાતે યોજવામાં આવશે, એમ જણાવતાં દિશાન્ત ગર્ગ જણાવે છે કે ગુજરાતમાં ૮૦ જેટલાં સ્તળોએ આવી પુસ્તક પરબ યોજાય છે.

આ પુસ્તક પરબનો લાભ લેવા સૌ વાચકપ્રેમી નગરજનોને તેમણે આયોજકો વતી નિમંત્રણ પાઠવ્યું છે.

સંગિની ફોરમ દ્વારા સફાઈ અભિયાન

સ્વચ્છતા અને સામાજિક સમરસતા સપ્તાહની ઉજવણી અંતર્ગત સંગીની ફોરમ ગાંધીનગર દ્વારા સેક્ટર-૮ સરકારી પ્રાથમિક શાળામાં સફાઈ અભિયાન અને વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં બાળકો, શિક્ષકો અને સંગીની ફોરમની બહેનો પણ જોડાઈ હતી તથા ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા તેમજ વકતૃત્વ સ્પર્ધામાં વિજેતા થયેલા શાળાના વિદ્યાર્થીઓને ઈનામોથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સંગીની ફોરમના પ્રમુખ નીતિકાબેન શાહ, નીનાબેન ઝાટકિયા, ડિમ્પલબેન શાહ અને ક્રિષ્ના કપાસી ઉપસ્થિત રહ્યા હતાં.

ગાંધીજીના મતે અહિંસા એટલે માનવીય ધર્મ

પ્રસંગસર
સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

''અહિંસા પરમો ધર્મ''બુધ્ધ ભગવાને અહિંસાને ખૂબજ મહત્વ આપતાં તેને પહેલો ધર્મ કહયો છે. ભૂતદયા,માર્દવ, ક્ષમા, શાંતિ, અક્રોધ, અદ્રોહ એ બધા અહિંસાના જ જુદા જુદા પર્યાયી શબ્દો છે.

જાબાલ દર્શનોપનિષદમાં કહયું છે કેઃ

સ્વાત્મવત્સર્વભૂતેષુ કાયેન મનસા ગિરા; અનુજ્ઞા યા દયા સૈવ પ્રોકતા વેદાન્તવેદિભિ.

અર્થાત્ વ્યકિતએ અન્ય તમામ જીવો પ્રત્યે આત્મભાવ રાખી શરીર, મન અને વાણી ધ્વારા પ્રેમપૂર્ણ વ્યવહાર કરવો જોઈએ. વાહન નીચે કુતરું કે અન્ય પ્રાણી આવી જાય તો કેમ ચિત્કાર કરીએ છીએ કારણ કે એના અને આપણામાં કાંઈક સમાન તત્વ છે તે આત્માની સમાનતા. આશ્રમમાં બીમાર વાછરડાનું દુઃખ જોતા ગાંધીજીને થયું કે મૂંગા જાનવરને આમ પીડા સહન કરતુ રાખવું એમાં હિંસા છે. તેને મૃત્યુનો વિશ્રામ આપવો જોઈએ. બધાની નારાજગી હોવા છતાં વાછરડાને પારસી ડોકટર બોલાવી મરણ આપ્યું. આમ, સહાનુભૂતિમાંથી અહિંસાનો આરંભ થાય છે.



સ્વામિનારાયણભગવાને 'શિક્ષાપત્રી'માં અહિંસક યજ્ઞને પ્રોત્સાહન આપેલ છે. વેદ શીખવે છે કે આત્મા એ ઈશ્વરી અંશ છે. ઉપનિષદો પશુઓના બલિનો તો ઠીક પણ દ્રવ્યોના બલિનો પણ પક્ષ લેતા નથી. આચાર્યોએ સાવધાની ઉચ્ચારી છે કે અત્યારે જે માણસ પશુંને ખાય છે, તે માણસને પછીથી પશું ખાશે. અલ્લાહે પણ '' હરામ(અવેધ) ઠરાવેલ કોઈ જીવને નાહક કતલ કરવાનું કીધું નથી; અને આ કામ જે કોઈ કરે તે પોતાના ગુનાનો બદલો મેળવશે તેમ જણાવેલ છે.

મુરઘી કહે મુલ્લા સે, તુ ઝબ્બે કરત હે મોહે ! જબ સાહેબ લેખા માગશી, તબ સંકટ પડશે તોહે....!!

ગાંધીજીમાં નિર્ભયતા અને નમ્રતા વડે સત્ય અને અહિંસાનો વિકાસ થયો હતો. ગાંધીજીનાં સત્ય અને અહિંસાને જોડનારૂં જે કંઈ તત્વ હતુ તે એમની ઈશ્વર પ્રત્યેની શ્રધ્ધા અને તેમની આંતરિક શકિતનું રહસ્ય.

રમણમહર્ષિ પાસે ખિસકોલી, મોર, વાંદરા જેવા પશુ-પક્ષીઓ નિર્ભય બની ફરતાં હતાં. પોંડિચરીના શ્રી માતાજીની બાલ્કની દર્શન વખતે દરરોજ વહેલી સવારે એક કાગડો રાહ જોઈ છજા પર બેસતો અને શ્રીમાતાજી પાસેથી બિસ્કીટ લઈ ઊડી જતો. શ્રી અરવિંદે તો પોતાના ઓરડામાં રાખેલી ચકલી ઉંઘી જાય ત્યારે તેની ઉંઘમાં ખલેલ ના પહોચે તે માટે કોઈએ અવાજ ન કરવાનો તેવો આદેશ આપેલ. આ ચકલીએ બારણાના ખાચાંમાં ઈંડા મૂકયા અને બચ્ચાં મોટા થઈ ઉડી ન ગયા ત્યાં સુધી શ્રી અરવિંદે આવવા-જવા માટે એ બારણાનો ઊપયોગ ન કર્યો. એક નાનકડી ચકલી પ્રત્યે કેવી કાળજી!....કેવી સંવેદન શીલતા!....ગુરુ નાનકદેવને તેમના પિતાએ ખેતરની રખેવાળી માટે મુકયા, ત્યારે પંખીઓને ઉડાડી દેવાને બદલે પંખીઓને કહેતા...

હર કી ચિડીયા હર કા ખેત! ખાઓ મેરી ચિડીયા ભર ભર પેટ!!

જ્યારે તમે બાળકને એક ઉંદર પ્રત્યે દયા દાખવવા કહો છો ત્યારે તમે તમારા બાળકનું અને ઉંદર બંનેનું સરખું કલ્યાણ કરો છો, ઈચ્છો છો.

પતંજલિએ અહિંસાને વ્યાખ્યાયિત કરતાં કીધું કેઃ ''તત્ સંનિધ્યોઃ વૈરત્યાગઃ''- અહિંસાના સાનિધ્યમાં આવનારને કોઈ જાતની વેરભાવના રહેતી નથી. તેઓ પોતાનું જાતિગત વૈર ત્યાગી દે છે. તેમણે આ વ્યાખ્યા યોગીની વ્યકિતગત ભૂમિકા તરીકે કલ્પી હતી. જ્યારે ગાંધીજીએ ભૂમિકાનું સ્તર બદલીને સામાજીક કરી નાખ્યું. ગાંધીજી કહેતા કે માત્ર દેહને ઈજા એ જ હિંસા નથી. હિંસા માનસિક, સામાજિક કે રાજકીય પણ હોઈ શકે અને આવી હિંસા માટે શબ્દ વાપર્યો – માળખાકીય હિંસા. તેમણે મારામારી કે કાપાકાપીની જ હિંસા ન ગણાવતાં સમાજ વ્યવસ્થામાં રહેલી હિંસા જેવી કે ઊંચ-નીચ ભેદભાવ, આર્થિક શોષણ, કુટુંબમાં કે સમાજમાં કે બીજે સ્ત્રીઓનું, દલિતોનું કે લઘુમતિઓનું થતું દમન એ હિંસા પણ એટલી જ ભયાનક અને એટલી જ ત્યાજય છે. કુવિચારમાત્ર,ઉતાવળ, મિથ્યા ભાષણ,અતિશયયોકિત, દ્વેષ , કોઈનું બુરું ઈચ્છવું , ચાડી કરવી અને જગતને જોઈએ છે તેનો કબજો રાખવો એ પણ હિંસા છે.

હિંસા વ્યાપક બંને તો તેનાથી આંતરવિગ્રહ કે અંધાધુંધી જ ફેલાય અને તેનાથી પ્રજા લાચાર, પાંગળી અને ગુલામ બની જાય છે.જ્યારે અહિંસા એવી શકિત છે કે જેમ જેમ વ્યાપક બનતી જાય તેમ તેમ સમાજમાં વધુમાં વધુ ઉત્સાહ પ્રેરતી જાય છે.લોકોની ક્રાંતિકારી શકિત બની શકે છે, સાહસ,હિંમત વધે છે;કર્તવ્ય-અકર્તવ્યનો વિવેક શીખવે છે;અભિમાન ઓછું થાય છે, નમ્રતા વધે છે, પરિગ્રહ ઓછો થાય છે; ને દેહની અંદર ભરેલો મેલ નિત્ય ઓછો થતો જાય છે. અને એટલેજ તો ગાંધીજીના અહિંસક આંદોલનોમાં સ્ત્રી-પુરુષ,નાના-મોટા,ગરીબ-તવંગર,વૃદ્ધો,બીમારો અને બાળકો પણ પોતપોતાની રીતે ભળી શકતા.આ આંદોલનો જો શસ્ત્રોને બળે ચાલતા હોત તો એમાં ભળનારાઓનો વ્યાપ આટલો મોટો કદી ન થઈ શક્યો હોત.

અહિંસાને ગાંધીજી માનવીય ધર્મ માનતા. બિડીની પડેલી ખોટી ટેવને લીધે દેવુ પુરૂ કરવા ભાઈનું કડું કપાવ્યું અને એ ભુલની પિતા પાસે કબુલાત અને પિતાની એકપણ શબ્દના ઉચ્ચારણ વિનાની પ્રતિક્રિયા વખતે ગાંધીજીએ એ વાતનો ઉંડો અનુભવ કર્યો કે જો બે વ્યકિતઓ વચ્ચે પ્રેમનો સંબંધ હોય તો એકની વેદના કોઈ પણ શબ્દના ઉચ્ચારણ વિના બીજાના હૈયા સોંસરવી પેસી જાય છે. અને આમાંથી જન્મ્યો સત્યાગ્રહમાં સ્વેચ્છાએ કષ્ટ સહન કરવાનો વિચાર. અજુગતી આજ્ઞાનું પાલન શા માટે કરવું જોઈએ? એ વિચાર એમના કસ્તુરબા પ્રત્યેનો ''ઘણીપણા''માંથી આવ્યો. આમાંથી નીપજયો સત્યાગ્રહમાં સવિનય કાયદાભંગનો સિધ્ધાંત અન્યાયનો અસ્વીકાર અને પ્રતિકાર....

પઠાણ કોમમાં બદલો લેવાનીભાવનાથી ઉત્તરોત્તર હિંસા વધતી હતી. પણ ગાંધીજીએ અહિંસા કોઈ એક કોમ કેમ જાતિના અસ્તિત્વને ટકાવી રાખવા માટે કેટલી ઉપયોગી છે તે સાબિત કરી બતાવ્યું. સરહદના ગાંધી ખાન અબ્દુલ ગફારખાને કહ્યું છે કે 'અમને ગાંધીજીએ મોટામાં મોટી વાત જો શીખવી હોય તો અહિંસાની. ખાનસાહેબે એ વાત માની કે આખી પઠાણ કોમને ગાંધીજીએ બચાવી લીધી. અહિંસા ના હોત તો અમે એક બીજાને મારીને ખલાસ થઈ ગયા હોત.'તેમના સત્ય અને અહિંસા વિશેના વિચારોમાં શ્રીમદ્ રાજચંદ્રનો પ્રભાવ જોવા મળે છે.

ગાંધીજી વિચારતા હતા કે એક અહિંસક દેશની ઉપર કોઈ બીજા હિંસક દેશો આકમણ કરે તો આખી દુનિયાની સહાનુભૂતિએ અહિંસક દેશને મળે.અમેરિકન શાંતિવાદી નેતા, માર્ટિન લ્યુથર કિંગે (જુનિઅર) આના વિષે એક સાવ સાચી અને માર્મિક ટીકા કરી હતી કે હવે દુનિયા પાસે માત્ર કાં અહિંસા, કાં આત્મનાશ (Either Non-violence or Non-existence) બે જ વિકલ્પો રહ્યા છે. કાઈસ્ટે જગતના ઉધ્ધાર માટે બહાર પડતા પહેલાં તૈયારી રૂપે ચાળીસ દિવસ અને બુદ્ધે તે માટે વર્ષો ગાળ્યા હતાં. અને તેવી જ રીતે જ રીતે સિદ્ધાંતને આધારે નહીં પણ માણસ વ્યવહારના આધારે આગળ વધતા ગાંધીજીએ પણ સત્ય અને પરમાર્થ માટે દેહને તૈયાર કરવા પ્રથમ બ્રહ્મચર્ય, અહિંસા, સત્ય વગેરે ગુણો કેળવ્યા હતા.

બોર્ડની પરીક્ષાના આવેદનપત્રો ઓનલાઈન ભરવા સૂચના

સૂચનાઓ વેબસાઈટ પર મૂકવામાં આવી છે

ગાંધીનગર, તા. ૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના આચાર્યે તેમજ સંસ્કૃત પ્રથમાની પાઠશાળાના પ્રધાનાચાર્યને જણાવવામાં આવ્યું છે કે આગામી માર્ચ ૨૦૧૭માં લેવાનાર ધોરણ-૧૦ એસ.એસ.સી. અને ધોરણ-૧૨ એચ.એસ.સી. (સામાન્ય પ્રવાહ) પરીક્ષામાં ઉપસ્થિત થનાર નિયમિત, રિપીટર તથા પૃથક, ખાનગી નિયમિત, ખાનગી રીપીટર ઉમેદવારોના આવેદનપત્રો બોર્ડની વેબસાઈટ www.gseb.org પરથી તા. ૧-૧૦-૨૦૧૬ના રોજ સાંજે ૪ કલાકે તા. ૩૧-૧૦-૨૦૧૬ના રોજ રાત્રીના ૧૨ કલાક સુધીમાં ઓનલાઈન ભરવાના રહેશે. આ અંગેની સુચનાઓ વેબસાઈટ પર મુકવામાં આવેલ છે.

ઓનલાઈન આવેદનપત્રો ભરવા માટેની તાલીમ અને માર્ગદર્શન તા. ૪-૧૦-૨૦૧૬ના રોજ સવારે ૧૧ કલાકેથી ૨ કલાક દરમ્યાન BISAG મારફતે આપવામાં આવશે. જેથી તમામ આચાર્યો, શિક્ષકો અને વહીવટી કર્મચારીઓએ આ તાલીમમાં ભાગ લેવા જણાવાયું છે.

વાચકોને આમંત્રણ

'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

'મારું વતન - વહાલું વતન'